



## સેક્ટર-૪ ને કચરામુક્ત કર્યું

સેક્ટર-૪ માં આજે મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન આશિષ દવેની આગેવાનીમાં સ્વચ્છ ભારત અભિયાન હેઠળ સફાઈ કરવામાં આવી હતી. સેક્ટરની ઝાળીઓમાં પડેલા કચરાને આશિષ દવે સહિત કાર્યકરો અને નાગરિકોએ ઝાડુ મારી એકત્રિત કર્યો હતો અને સેક્ટરને એકદમ સ્વચ્છ બનાવ્યું હતું.


# પાટનગરના ગ-૬ નું સંસ્કાર સર્કલ માવજતના અભાવે અસંસ્કારી થયું

### અન્ય સર્કલોની પણ માઠી દશા, તંત્રની બેદરકારીનું આ તાદશ્ય ઉદાહરણ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના અસ્તિત્વ પછી નગરની ઓળખ સમા સ્મૃતિચિહ્નો નામશેષ બનવા જઈ રહ્યા છે. અદ્યતન માળખાકીય અને ભૌગોલિક વ્યવસ્થાની વિશ્વભરમાં નામના છે તે રાજ્યના પાટનગરના આ મૂળભૂત કલાચિહ્નો માવજતના અભાવે નિષ્પ્રાણ બન્યા છે. તંત્ર નગરની રચનામાં મહત્વના ભાગ ગણાતા સર્કલો પ્રત્યે બેદરકારી દાખવી રહ્યુ છે. જેમાં ગ-૬ નું સંસ્કાર સર્કલ પણ તંત્રના ભોગે અસંસ્કારી ભાસી રહ્યું છે. વર્ષોથી નગરમાં વસતા નગરજનો પાટનગરમાં ઉભા કરાયેલા આ સર્કલની અવદશાથી નિસાસા નાખી ફિટકાર વરસાવી રહ્યા છે.

ગાંધીનગર શહેરની રચના જે તે સમયે ખુબ જ ઉંડાણપૂર્વકના અભ્યાસ, જરૂરિયાત અને ભવિષ્યને ધ્યાને રાખીને કરાઈ છે. જેનો અહેસાસ હાલ નગરમાં વસતા નગરજનો અનુભવી રહ્યા છે. નગરની રચના સમયે ભૌગોલિક સ્થિતિને ધ્યાને લઈ મહત્વના ચાર રસ્તા એ સર્કલ અસ્તીત્વમાં આવ્યા છે. જે નગરની સુંદરતામાં ખુબ જ વધારો કરી રહ્યા છે તેમજ બહારથી આવતાં અજાણ્યા નાગરિકો નિયત સ્થળે પહોંચી શકે તે માટે સરનામાં તરીકે પણ આ સર્કલનો ઉલ્લેખ થાય છે. પરંતુ સ્વચ્છ, હરીયાળા અને હૃદયસ્પર્શી આ નગરમાં આવેલ આ સર્કલોની માવજત કરવામાં હાલનું તંત્ર બિલકુલ નિષ્ફળ નિવડ્યું હોય તેવા દશ્યો સર્કલની દશા ઉપરથી લાગી રહ્યું છે.



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ગ-૬ નું સંસ્કાર સર્કલ નામાભીન થયા પછી તેની થયેલી દુર્દશાથી અસંસ્કારીના ગુણો દેખાતા હોય તેવું લાગે છે. જાહેરાતના પાટીયા, ગાય-ભેંસ ફરતી હોય, સ્વચ્છતાના અભાવ સ્વરૂપ અઢળક કચરાના ઢગ ખડકાયા છે. અંધશ્રદ્ધામાં ગળાડુબ લોકો દ્વારા કરાતી વિધિની ચિજવસ્તુઓ પણ અહી નંખાય છે. આવતા-જતાં સૌ કોઈને આ તમામ પ્રવૃત્તિ દશ્યમાન થાય છે પરંતુ તંત્ર આંધળા અને બહેરાની ભુમિકામાં જ રહે છે. બીજા અન્ય સર્કલોની પણ આ જ દશા છે. દત્તક પ્રણાલીથી કેટલાક સર્કલ દત્તક લેવાયા પછી તેની માવજત થઈ રહી છે ત્યારે દત્તક ન હોય તેવા સર્કલ પ્રત્યે તંત્ર ઓરમાયું વર્તન કરતું હોય તેવું લાગી રહ્યું છે. નગરજનો પણ નગરની આ અવદશાથી અકળાઈ ઉઠ્યા છે અને તંત્ર પ્રત્યે રોષ ઠાલવી રહ્યા છે.

# ચિલોડામાં યુવાનને મુર્ખ બનાવી ગઠીયાઓ સોનાનો દોરો લઈ ગયા

### એક લાખમાં દોરો માંગીને કાગળના ડુચાથી બનાવેલુ એક હજારનું બંડલ પકડાવી દીધું : બંડલની પહેલી નોટ જ એક હજારની હતી...!

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર નજીક ચિલોડા સર્કલ પાસે બસની રાહ જઈને ઉભેલા પાટનાકુવા ગામના એક યુવાનને બાઈક પર આવેલા બે ગઠીયાઓએ વ્યવસ્થિત મુર્ખ બનાવી મુકયો હવાની ઘટના પ્રકાશમાં આવી છે. રૂ.૧લાખમાં યુવાને પહેરેલા સોનાના દોઢ તોલાના દોરાની માંગણી કરી રૂ. ૧ હજારની નોટ વાળુ બંડલ આપ્યું અને કહ્યું ઘરે જઈને ગણી લેજો..! દોરો લઈને બને ગઠીયા નીકળી ગયા પછી તે યુવાન બંડલ ગણવા બેઠો તો પહેલી એક હજારની નોટ સિવાય બધા જ કાગળના ડુચા હતાં. જો કે યુવાને પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું છે.

મળતી માહિતી મુજબ પાટનાકુવા ગામનો એક આશરે ૨૩ વર્ષનો યુવાન ગઈકાલે બપોરે ૨ થી ૩ વાગ્યાના અરસામાં ચિલોડા સર્કલે ઉભો ઉભો વાહનની રાહ જોઈ રહ્યો હતો તેટલામાં તેની નજીક એક બાઈક પર બે યુવાન શખ્સો આવ્યા અને ગળામાં પહેરેલો સોનાનો દોરો ખરીદવાની તૈયારી દર્શાવી. આવીને પુછ્યું કે આ દોરો એક લાખ રૂપિયામાં વેચવો છે? યુવાન પણ તૈયાર થઈ ગયો..! અંદાજે દોઢ તોલા વજનનો દોરો લઈ રૂ.૧ હજારની નોટો વાળુ એક લાખનું બંડલ યુવાનને આપી દીધું અને કહ્યું કે ઘરે જઈને પૈસા ગણજો, પોલીસ જોશે તો કારણ વગર હેરાન કરશે. તેમ કહીને ચેઈન લઈ બંને ગઠીયા ચાલ્યા ગયા ત્યાર બાદ જોયું તો બંડલમાં માત્ર કાગળના ડુચા હતા. માત્ર પહેલી નોટ જ રૂ. ૧ હજારની હતી આ છેતરપીડીનો મામલો પોલીસ સ્ટેશન પણ પહોંચ્યો પરંતુ અંતે યુવાને ફરીયાદ કરી ન હતી.

# સે. ૨૬માં તિજોરી રીપેરીંગનાં બહાને રૂ. ૪૦ હજારની ઉઠાંતરી

### કિશાનનગરમાં બે શખ્સો તિજોરી રીપેર કરવા આવ્યા હતા અને બે દિવસ પછી મકાન માલીકને ખબર પડી કે બંને હાથ સાફ કરી ગયા

ગાંધીનગર, તા. ૮

શહેરના સેકટર-૨૬ કિશાનનગરમાં તિજોરી રીપેરીંગ કરવાના બહાને આવેલા બે અજાણ્યા શખ્સો તિજોરી જ સાફ કરી ગયા હોવાની ઘટના બનવા પામી છે. બે દિવસે મકાન માલીકને ખબર પડી કે તિજોરી રીપેરીંગ કરવા આવેલા શખ્સો તેમની તિજોરીમાં મુકેલા રૂ. ૪૦ હજારની ઉઠાંતરી કરી ગયા છે. આ બનાવ અંગે સે. ૨૧ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવા પામી છે.

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૬ કિશાનનગર વિસ્તારમાં રહેતા ગણેશભાઈ બિજલભાઈ સેનમાના ઘરે તિજોરી રીપેરીંગ કરવા માટે બે અજાણ્યા શખ્સો આવ્યા હતા. ૪થી તારીખે તિજોરી રીપેરીંગ કરીને બન્ને શખ્સો ચાલ્યા ગયા હતા. બે દિવસે ગણેશભાઈએ તેમની તિજોરીમાં પડેલા રૂ. ૪૦ હજાર લેવા તિજોરી ખોલી ત્યારે ખબર પડી કે રૂ. ૪૦ હજારની ચોરી થઈ ગઈ છે. તિજોરી રીપેર કરવા આવેલા બે શખ્સો તિજોરીમાંથી રૂ. ૪૦ હજારની ઉઠાંતરી કરી ફરાર થઈ ગયા હતા. આ અંગે ગણેશભાઈએ ફરીયાદ આપતા સે. ૨૧ પોલીસમથકના સિનિ. પી.આઈ. બી.એ. ચાવડાએ ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.


# ગુજરાતની આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરતું દુર્ગેશ ઉપાધ્યાયની બેનમૂન ફોટોગ્રાફીનું પ્રદર્શન

ગાંધીનગર, તા. ૮

ગુજરાતની આદિવાસી સંસ્કૃતિના અભ્યાસુ અને લેખક કવિ-પત્રકાર-ફોટોગ્રાફર અને રંગકર્મી એવા દુર્ગેશ ઉપાધ્યાયની તસવીરોનું અનોખુ પ્રદર્શન અમદાવાદના રવિશંકર રાવલ કલા ભવન ખાતે યોજવામાં આવ્યું છે. આ પ્રદર્શન તા. ૯મી નવેમ્બર સુધી બપોરે ૧૨ થી સાંજના ૭ વાગ્યા સુધી ખુલ્લુ રહેશે.

આ પ્રદર્શનનું તા. ૭મી નવેમ્બરે લોકકલા ફાઉન્ડેશનના મેનેજીંગ ટ્રસ્ટી નટુભાઈ પરીખ, લોક-સાહિત્યવિદ્ જોરાવરસિંહ જાદવ અને આદિવાસી સંશોધક ડૉ. ભગવાનદાસ પટેલના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં દુર્ગેશ ઉપાધ્યાય દ્વારા ૮૦ના દાયકાના તરણેતરના મેળામાં બ્લેક એન્ડ વ્હાઈટમાં કચકડે મઢેલ તસવીરો, લુપ્ત થતી આદિવાસી સંસ્કૃતિની તેમજ શિલ્પ-સ્થાપત્ય વગેરેના અમુલ્ય ફોટોગ્રાફસ મુલાકાતીઓમાં ભારે ઉત્સુકતા જગાવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે વડોદરા નિવાસી દુર્ગેશ ઉપાધ્યાય જાણીતા નાટ્યકાર, લેખક અને પત્રકાર છે તેમજ આદિવાસી સંસ્કૃતિ અને પરંપરા ઉપરાંત લોકસાહિત્યને કચકડે મઢનાર ફોટોગ્રાફર અને ફિલ્મકાર પણ છે.





દુર્ગેશ ઉપાધ્યાયને અનેક આંતરરાષ્ટ્રિય-રાષ્ટ્રિય એવોર્ડથી સન્માનવામાં આવેલ છે. તેઓ દૂરદર્શન અને રેડીયો માટે પણ કામ કરી ચુક્યા છે. તેમના આ પ્રદર્શન મુકવામાં આવેલ દુર્લભ તસવીરો દ્વારા ગુજરાતની લુપ્ત થતી આદિવાસી સંસ્કૃતિ, પરંપરાગત લોકકથાઓ અને શિલ્પ-સ્થાપત્યના વારસાને માણવાની અમૂલ્ય તક ચુકવા જેવી નથી.

## મહિલાઓ માટે પેપ ટેસ્ટનું આયોજન

ગાંધીનગર, તા.૮

કેન્સરના ગંભીર રોગનો ભોગ મહિલાઓ મોટી સંખ્યામાં બને છે ત્યારે મહિલાઓમાં રોગ અંગે જાગૃતિ આવે તેમજ કેન્સરગ્રસ્ત મહિલાઓને જરુરી સહાય અને માર્ગદર્શન મળી રહે તે ઉદ્દેશ સાથે કાર્યરત સંસ્થા 'રેસ-રેન ઈન કેન્સર' દ્વારા સેવાકીય પ્રવૃત્તિના ભાગરૂપે ૨૩ થી ૩૦ નવેમ્બર ૧૪ દરમિયાન સર્વાઈકલ કેન્સર, ગર્ભાશયને લગતા કેન્સર માટેના પેપ ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું છે. તજજ્ઞ લેડી ડોકટર દ્વારા મહિલાઓના ગર્ભાશયના મુખની તપાસ કરાશે. સામાન્ય રીતે લેબોરેટરીમાં ૭૦૦ થી ૮૦૦ના ખર્ચે થતો પેપ ટેસ્ટ માત્ર રૂ. ૫૦ના મામુલી ટોકન દરથી કરવામાં આવશે. લાભ લેવા ઈચ્છુક મહિલાઓએ ૧૬ નવેમ્બર ૨૦૧૪ સુધીમાં રૂ. ૫૦ રજીસ્ટ્રેશન ફી ભરી નામ નોંધાવવાના રહેશે. વધુ વિગતો માટે સંસ્થાના પ્રતિનિધિઓ માધુરી શુકલા ૯૩૭૪૬૨૧૦૯૩, સુશીલા રાઠોડ-૯૭૨૫૦ ૭૧૮૫૨, રાજેશ દેસાઈ ૯૯૭૮૧ ૧૧૨૨૩ અથવા ગુલાબચંદ પટેલનો ૯૯૦૪૪ ૮૦૭૫૩ ઉપર સંપર્ક કરવો.

# ગાંધીનગરના છેડાલ પરગણા વણકર સમાજનો સ્નેહમિલન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરના છેડાલ પરગણા વણકર સમાજનો સ્નેહમિલન સમારંભ તાજેતરમાં યોજાઈ ગયો. આ સમારંભમાં સમાજની પરિચય પુસ્તિકાનું વિમોચન કરાયું હતું અને તેજસ્વી તારલાઓ ઉપરાંત પ્રમોશન કે નિવૃત્તી પામેલ કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.





આ દિવાળી સ્નેહ મિલન સમારંભના પ્રારંભે સમાજના પ્રમુખ નયન સોલંકીએ વીરમેઘ માયા અને સરકારની યોજનાઓ વિશે માહિતી આપી હતી. સમારંભના અધ્યક્ષ ડેપ્યુટી કલેક્ટર એમ.જી. પરમારે નરેન્દ્ર મોદીના દૃષ્ટાંત સાથે સમાજના સભ્યોને સખત મહેનતનું મહત્વ સમજાવ્યું હતું. પરિચય પુસ્તિકાના વિમોચન પૂર્વ એડીશ્નલ ડીજીપી ડૉ. રાજન પ્રિયદર્શીએ સમાજમાં એકતા સાધવા અને કુરિવાજો દૂર કરવા શીખ આપી હતી. સમાજના અગ્રણી મણીલાલ સોલંકીના હસ્તે તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું હતું અને તેમણે શિક્ષણ એ જ વિકાસનો માર્ગ છે તેવું જણાવ્યું હતું.

આ સમારંભ દરમ્યાન સિદ્ધાર્થ ક્રેડિટ સોસાયટીના પ્રમુખ ચંદ્રકાંત જાદવે ચાલુ વર્ષે સોસાયટીના સભ્ય તરીકે નોંધણી કરાવા હાકલ કરી હતી. આ સમારંભમાં સમાજ માટે ઉત્કૃષ્ઠ કામગીરી કરનાર મણીલાલ સોલંકી અને આત્મરામ મકવાણાનુ તેમજ સમાજના પ્રમોશન કે નિવૃત્તી પામેલા અધિકારીઓ અને કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સમાજના અગ્રણી રવિન્દ્ર સોલંકીએ સમાજને તોડનાર તત્વોને ઓળખી તેમનાથી દૂર રહેવા ભલામણ કરી હતી. આ કાર્યક્રમનું સફળ સંચાલન સમાજના ઉપપ્રમુખ મનિષભાઈએ કર્યું હતું.

# પુન્દ્રાસણના બુટલેગરને પાસામાં વડોદરા જેલમાં ધકેલાયો

### એલ.સી.બી.એ કરેલી દરખાસ્તને મંજુરી મળતા પાસાની બજવણી કરાઈ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લાના પેથાપુર પોલીસ સ્ટેશનની હદમાં અવાર નવાર વિદેશી દારુનો ધંધો કરવાના કેસમાં પકડાયેલા પુન્દ્રાસણ ગામના બુટલેગરને પાસા કરવા ગાંધીનગર એલસીબીએ કરેલી દરખાસ્તને જિલ્લા મેજીસ્ટ્રેટે મંજુરી આપતા જ હુકમના આધારે પાસાની બવજણી કરી પુન્દ્રાસણના બુટલેગરને વડોદરા જેલ પાસા હેઠળ ધકેલી દેવામાં આવ્યો છે.

પુન્દ્રાસણ ગામના બુટલેગર મનુજી જવાનજી ઠાકોર સામે પેથાપુર પોલીસ સ્ટેશનમાં અવાર નવાર દારુ વેચવા અંતર્ગત ગુનાઓ દાખલ થયેલા છે આ બુટલેગર મનુજીને પાસા કરવા માટે ગાંધીનગર એલસીબીએ દરખાસ્ત કરી હતી. પાસાની મંજુરી મળતા જ ઈન્ચાર્જ એલસીબી પી.આઈ. જે.ડી. બ્રહ્મભટ્ટની સુચનાથી એલસીબીની ટીમ બુટલેગરને પકડી લાવી હતી અને તેને વડોદરા જેલ ખાતે પાસામાં ધકેલી દેવામાં આવ્યો છે. એક અઠવાડીયામાં જિલ્લાના બે બુટલેગરોને પાસામાં ધકેલવામાં આવ્યા છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૦
સૂર્યાસ્ત : ૫.૫૬

## તાપમાન

મહત્તમ : ૩૩.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૬.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૩ ટકા ● સાંજે ૩૯ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
હેપ્પી ન્યુ ઈયર : ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
સુપર નાની : ૧૨.૪૫, ૩.૩૦, ૧૦.૦૦
રોર : ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
ફુરી (અંગ્રેજી) : ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦
હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૩૦

: સ્ક્રીન-૪ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
રોર : ૧.૩૦, ૧૦.૦૦
હેદર : ૪.૦૦
કરંટ તીગા (તેલુગુ) : ૭.૦૦

: સ્ક્રીન-૫ :
સુપર નાની : ૧૨.૪૫, ૬.૪૫ ● રોર : ૩.૪૫
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦

: સ્ક્રીન-૬ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૩૦ ● રોર : ૧૦.૦૦
સુપર નાની : ૬.૩૦
હેદર : ૪.૦૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ધ શૌકિન્સ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સ્ક્રીન-૨ :
રંગરસીયા : ૧૦.૧૫, ૧.૧૪, ૪.૧૫. ૭.૧૫, ૧૦.૧૫
રોર : ૧.૩૦, ૭.૩૦

સ્ક્રીન-૩ :
હેપ્પી ન્યુઈયર : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે. નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સફળ યાત્રાનો યોગ બની રહ્યો છે.

**વૃષભ** : નવા પ્રસ્તાવ પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સુખમાં વૃદ્ધિ થશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપશો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ. ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રા પ્રવાસ થશે.

**મિથુન** : આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો. વિદ્યાર્થીઓને શિક્ષાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલ્બિ મળી શકશે. ઋણ સંબંધી કાર્યોમાં સંય રાખવું. તમારા વ્યવહારને સંયમિત રાખીને કાર્ય કરવું. કૌટુંબિક ઉન્નતિ થશે.

**કર્ક** : મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વ્યાપાર- વ્યવસાય સારું ચાલશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે. નવા આર્થિક સ્ત્રોત પર કાર્ય થશે. વિવાદિત નિર્ણય પક્ષમાં આવી શકે છે.

**સિંહ** : નવી યોજનાઓ બનશે જેનો લાભ ભવિષ્યમાં પ્રાપ્ત થઈ શકે છે. આર્થિકક્ષેત્રે વિશેષ યાત્રાઓ થશે. ધૈર્યથી વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો નવા કાર્યોથી દૂર રહો. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પાપ્તિનો યોગ.

**કન્યા** : સામાજિક કાર્યોમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિના કાર્ય થશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબિક સુખનો અભાવ રહેશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે.

**તુલા** : સામાજિક કાર્યોમાં સમય પસાર થશે. ઋતુ અનુસાર ખાનપાન કરવું. શુભ સંદેશ તમને નવી ચેતના આપશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનનો યોગ બની રહ્યો છે. ધર્મ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે.

**વૃશ્ચિક** : કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યાપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે. શુભ માંગલિક કાર્યનો યોગ બનશે. પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભ થશે.

**ધન** : ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. પ્રેમ સંબંધમાં સફળતા મળવાનો યોગ છે. વ્યસ્તતામાં વધારો થશે. નવીન કાર્ય કરવાની તક પણ વધશે.

**મકર** : આર્થિક ચિંતા દુર થતી જણાશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. કાર્યની ગતિ બનાવી રાખો. શિક્ષા, સંતાન, પ્રતિસ્પર્ધાત્મક પરીક્ષા સંબંધી ભાગ્યવર્ધક યોગ બની રહ્યા છે.

**કુંભ** : કુટુંબના સહયોગથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. તમારા પ્રયાસોની લોક પ્રશંસા કરશે. સહયોગીઓથી લાભ મળવાની સંભાવના છે. આવકમાં વધારો થઈ શકે છે.

**મીન** : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક રહેશે. વિચારો સકારાત્મકા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિ વધશે.

## ચિરવિદાય

- સ્વ. દક્ષાબેન અરવિંદભાઈ દવે (ઉ.વ.૪૭) પ્લોટ નં. ૧૨૫૪/૨, સેક્ટર-૩એ, ગાંધીનગર
- સ્વ. વિજયાબેન ગાંડાલાલ ચાવડા (ઉ.વ.૭૦) બ્લોક નં. ૩૨/૩, સેક્ટર-૧૭, છ-ટાઈપ, ગાંધીનગર
- સ્વ. શાંતાબેન રેવાભાઈ સોલંકી (ઉ.વ.૮૦) મુ. ગીયોડ, તા.જી. ગાંધીનગર